# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બનાસકાંઠા

કિચન બ્લોક, જોરાવર પેલેસ, પાલનપુર, જિ. બનાસકાંઠા

(ISO 9001:2008 Certified)

Phone No.(02742) 257055 Email Id: bksdeo@gmail.com


ક્માંક : મા.વિ.૯/પરીપત્ર/રોડસેફ્ટી/૨૦૨૦/૨૩૨૩૮ તા. ૧૯/૧૦/૨૦૨૦.

પ્રતિ,

આચાર્યશ્રી, (તમામ)

સરકારી,ગ્રાન્ટેડ,નોન-ગ્રાન્ટેડ, મા. અને ઉ.મા. શાળાઓ તમામ

જિ.બનાસકાંઠા.

વિષય : રોડ સેફ્ટી એક્શન પ્લાન ૨૦૨૦-૨૧ અંતર્ગત શિક્ષણ સંબંધિત મુદ્દા ધ્યાને લેવા બાબત .

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, અધ્યક્ષશ્રી ડીસ્ટ્રીક્ટ રોડ સેફ્ટી કમીટી અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા બનાસકાંઠા જિલ્લામાં થતાં રોડ અકસ્માતમાં ૩૦% ઘટાડો કરવાના હેતુ થી રોડ સેફ્ટી એક્શન પ્લાન – ૨૦૨૦ - ૨૧ જાહેર કરવામાં આવેલ છે. તો નીચેના શિક્ષણ સંબંધિત મુદ્દાઓ નું અમલીકરણ કરવાનું થાય છે. તો આપની કક્ષાએથી અમલવારી કરવાની રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી

બનાસકાંઠા, પાલનપુર

Scanned by CamScanner

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | પરિવહન સલામતી. | ૧. બધી ખાનગી સ્કુલો પાસે તેમની સ્કુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સ્કુલ બસ હોવી જોઈએ.<br>૨. બધી સ્કુલ બસોએ CBSE ના નીચે આપેલ ધોરણોનું પાલન કરવું જોઈએ<br>અ. બધી સ્કુલ બસો ફીટનેશ સર્ટીફિકેટ, વીમા પોલીસી, પરમીટ વગેરે સાથે સજ્જ હોવી જોઈએ.<br>બ. સ્કુલ બસના બધા ડ્રાઈવરો યોગ્ય રીતે તાલીમ બધ્ધ અને અસલી લાયસન્સ ધારક હોવા જોઈએ.<br>ક. બધી સ્કુલોએ યોગ્ય પાર્કિંગની જગ્યાની વ્યવસ્થા કરવી જોઈએ.<br>ખ. વિધાર્થીઓના પરિવહન માટે બિન-પરિવહન વાહનોનો ઉપયોગ ન કરવો.<br>ગ. દરેક સ્કુલ વર્ધીના વાહનોએ ગુજરાત મોટર વાહન રૂલ્સ ૧૯૮૯ના નિયમ ૧૧૯ નું પાલન કરવું જોઈએ.<br>ઘ. સ્કુલ વર્ધી વાહનોએ ફીટનેશ, વીમો પિયુસી પર્મીટ અસલી અથવા ડીજીલોકરમાં રાખવા જોઇએ.<br>ચ. જો આવા વાહન ગેસ ઇંધણ યુક્ત હોય તો RTO દ્વારા તેની માન્યતા અધિકૃત કરેલ સર્ટીફિકેટ હોવા જોઇએ. | શિક્ષણ/RTO/ પોલીસ | જીલ્લા શિક્ષણઅધિકારી/ RTO/પોલીસ. | (૧) સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં અમલવારી કરવી.<br>(૨) વિધાર્થીઓના પરિવહન માટે ચાલતા વાહનોનું સમયાંતરે ચેકીંગ હાથ ધરવું.<br>(૩) જીલ્લા શિક્ષણ અધિકારીશ્રીએ દર ત્રણ મહીને ખાનગી સ્કૂલો પાસેથી સ્કૂલ બસોનો અહેવાલ મંગાવવો.<br>(૪) દર ત્રણ મહીને સ્કૂલ બસોના, સ્કૂલ રીક્ષાના ડ્રાઈવરો માટે માર્ગ સલામતી માટેના સેમિનારનું આયોજન કરવું. |

Scanned by CamScanner

૮

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪.માર્ગ સલામતી શિક્ષણ | સ્કુલ શિક્ષણ કોલેજ | ૧. સ્કુલ કોલેજના બધા ધોરણોમાં અભ્યાસક્રમના ભાગરૂપે પ્રવૃતિ કરાવવી<br>૨. વધારાના અભ્યાસક્રમની પ્રવૃતિ.<br>(i) જીલ્લામાં આવેલ બધી સ્કુલ કોલેજોને ટીમવાન પ્રોજેક્ટથી આવરી લેવી.<br>(ii) અનુક્રમે સ્કુલો અને કોલેજોમાં માર્ગ સલામતી મેળાનું આયોજન કરવું<br>(iii) જ્યાં માર્ગ સલામતી મેળાનું આયોજન કરવામાં આવે તે સ્કુલ અને કોલેજોમાં માર્ગ સલામતી ક્લબની સ્થાપના કરવી.<br>(iv) વંદે ગુજરાત સાથે જોડાયેલ સ્કુલોને વંદે ગુજરાત BISEC હેઠળ માર્ગ સલામતીના દ્રશ્યોને જોડવા.<br>(v) શાખાના શિક્ષકો તથા બીજી સંસ્થાઓ, કોલેજોના પ્રવચનો માટે GCERT દ્વારા નિયતિમ વર્કશોપ તથા તાલીમની વ્યવસ્થા કરવી. | શિક્ષણ /મોટર વાહન વિભાગ | જીલ્લા શિક્ષણ અધિકારી/RTO | (૧) દરેક મોટી શાળા તથા કોલેજમાં એક રોડ સેફટી નોડલની નિમણુંક કરવી તથા વાહનને લઈને આવતાં વિદ્યાર્થીઓનું સમયાંતરે રોડ સેફટી વિષયક કાઉન્સિલીંગ કરવું.<br>(૨) દરેક મહીનામાં ઓછામાં ઓછી ૨ સ્કૂલોમાં માર્ગ સલામતી વિષયક પ્રવૃતિઓ કરવી.<br>(૩) દરેક શાળાએ વર્ષમાં એક વખત રોડ સેફટીને પ્રોત્સાહન મળે તેવી પ્રતિસ્પર્ધાનું આયોજન કરવું.<br>(૪) શાળાકીય પ્રવૃતિઓમાં રોડ સલામતી ને લગતી પ્રવૃતિઓનો પણ સમાવેશ કરવો. |

Scanned by CamScanner